# પ્રેસનોટ

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે માન.રાજયપાલશ્રીના અધ્યક્ષ સ્થાને ૧૩ મો દિક્ષાંત સમારોહ યોજાયો

## વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન અને આવડતનો ઉપયોગ સમાજની સુખાકારી અને દેશના વિકાસ માટે કરે : રાજયપાલ

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે માનનીય રાજયપાલશ્રી ઓ. પી. કોહલીના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીનો ૧૩મો દિક્ષાંત સમારોહ તા.૧૪/૧૧/૨૦૧૭ ના રોજ યોજાયો. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના ૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓને માન. રાજયપાલશ્રીના હસ્તે ૩૪ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા અને કુલ ૫૪૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. પ્રાસંગીક પ્રવચનમાં ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં માન. રાજયપાલશ્રીએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓને મહેનત, નિષ્ઠા અને સમર્પણભાવથી શૈક્ષણિક કાર્ય સંપન્ન કરી ડિગ્રી પ્રાપ્ત કરી છે તેમને હું અભિનંદન પાઠવું છું. તેમણે જણાવ્યું કે, અહીંથી મેળવેલ જ્ઞાન અને આવડતનો ઉપયોગ કરી ઉત્કૃષ્ઠ કામ કરી બતાવે તથા દેશ અને સમાજ પ્રત્યે સમર્પિત રહે. વધુમાં વધુ યુવાનો કૃષિ ક્ષેત્રના અભ્યાસ માટે આવે અને કૃષિ વૈજ્ઞાનિક માટે ગૌરવ લેવું જોઈએ અને ખેડૂતને કૌશલ્યપૂર્ણ બનાવવા માટે પોતાનું યોગદાન આપવું જોઈએ.

સમારંભના પ્રારંભે યુનિવર્સિટીના કુલપતિ **પ્રો.(ડૉ.) અશોક અંબાલાલ પટેલ** સાહેબે સર્વે મહાનુભાવોનું ભાવભીનું સ્વાગત કરી યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓની માહિતી આપી. જેમાં શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓમાં યુનિવર્સિટીના ૪૪ વિદ્યાર્થીઓએ નેટ પરીક્ષા તથા ૨૩ વિદ્યાર્થીઓએ જે.આર.એફ./ એસ.આર.એફ. પરીક્ષા પાસ કરેલ છે. કૃષિ અભ્યાસ માટે આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોતર વધતી રહી છે. યુનિવર્સિટી ધ્વારા અભ્યાસેત્તર પ્રવૃતિઓમાં એન.સી.સી.ની શરૂઆત ચાલુ વર્ષથી કરેલ છે. યુનિવર્સિટીએ યોજેલ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૮૦ વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓમાં પ્લેસમેન્ટ મળેલ છે.

સંશોધન ક્ષેત્રે આ વર્ષે યુનિવર્સિટીએ દિવેલા જી.સી.એચ.–૮ અને ગુજરાત ધાણા–૩ તેમજ ઘઉંની જી.ડબલ્યુ–૪૫૧ જાત આપેલ છે. ગુજરાત હાઈબ્રીડ દિવેલા–૮ ની નવી જાત જી.સી.એચ.–૭ કરતાં ૧૬ ટકા વધુ ઉત્પાદન આપે છે તેમજ સુકારા અને મૂળના કહોવારા સામે ટકી શકે છે. જો દિવેલા વાવતા તમામ ખેડૂતો નવી જાત વાવે તો વર્ષે રૂા.૧૨૦૦ કરોડ જેટલી આવક વધે. ધાણાની નવી જાત ગુજરાત ધાણા–૩ સુગંધ તેમજ ઉત્પાદન દષ્ટિએ ગુણવત્તા સભર જાત છે.

ઘઉંની નવી જાત વધુ ઉત્પાદન અને આકર્ષક દાણા ઉપરાંત ઝીંક અને લોહ તત્વ ધરાવે છે. જેના ખેડૂતોને વધારે ભાવ મળશે. આ ઉપરાંત ખારેકના ઉત્તમ રોપાનું એકત્રીકરણ, ખેતીમાં વનીકરણ, સંકલિત ખેત પધ્ધતિ મોડેલ, કાંકરેજ ગાય સુધારણા કાર્યક્રમ જેવી અગત્યની સિધ્ધિઓ મેળવેલ છે. યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો અને

કેવીકે ધ્વારા વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે નવીન જાતો અને પધ્ધતિઓના નિદર્શનો, ખેડૂત શિબિરો કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતો સુધી પહોંચવા પ્રયત્નશીલ છે. માન.કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓ અહીંથી મેળવેલ જ્ઞાનનો પોતાના કાર્યક્ષેત્રમાં ઉપયોગ કરી નવા સોપાનો સર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.







ડૉ. એસ.ઐયપ્પને સમારંભના મુખ્ય મહેમાન પદેથી પ્રાસંગિક ઉદબોધનમાં અત્રેની યુનિવર્સિટીની શૈક્ષણિક, સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓની સરાહના કરેલ હતી. આ યુનિવર્સિટી વિવિધ ૮ જેટલી કૃષિ સંલગ્ન વિદ્યાશાખાઓ થકી સમાજને જરૂરી એવું માનવબળ તૈયાર કરવામાં અગત્યની ભૂમિકા ભજવી રહી છે. તેમાં બેઝીક સાયન્સ, એન્જીનિયરીંગ અને ટેકનોલોજી, રીન્યુએબલ એનર્જીના કોર્ષ આપતી કોલેજો ભારતની નહિવત કૃષિ યુનિવર્સિટીઓમાં જોવા મળે છે. તે આ યુનિવર્સિટીએ શરૂ કરેલ છે. લાયબ્રેરી મેનેજમેન્ટ માટે સેન્ટ્રલ લાયબ્રેરી ખાતે નવીન આર.એફ.આઈ.ડી. સીસ્ટમ શરૂ કરેલ છે જે અદ્યતન છે, જે અભિનંદનનેપાત્ર છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે, બીજથી બજાર સુધી તેમજ બજારથી ગ્રાહક સુધી એમ પ્રાથમિક અને દ્વિતિયક બન્ને ક્ષેત્રે ભાર આપવાની જરૂર છે. ખેડૂતોને સ્માર્ટ બનાવવા માટે તેમની માહિતીની જરૂરિયાત પુરી કરવા માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરવો જોઈએ. આ માટે પ્રિન્ટ મિડીયાએ તથા ઈલેકટ્રોનીક મિડીયાએ ખેતીલક્ષી લેખો તથા કાર્યક્રમોને પ્રાધ્યાન્ય આપે તે આજની જરૂરિયાત છે.

યુનિવર્સિટીએ દિવેલા–રાઈ, જીરૂ, ધાણા, ઘઉ જેવા પાકોમાં ઉત્તમ જાતો આપેલ છે. જે રાજયમાં અને રાજય બહારના ખેડૂતોમાં સ્વીકાર પામેલ છે. તેને માટે યુનિવર્સિટી ધન્યવાદને પાત્ર  છે. ગુજરાતનો ખેતી  વિકાસ દેશના કૃષિ વિકાસ દર કરતાં ત્રણ ગણો વધારે છે. જેમાં દેશની ચારેય કૃષિ યુનિવર્સિટીઓનું યોગદાન રહેલ છે. યુનિર્સિટીના કાર્યક્ષેત્રમાં આવેલ બનાસકાંઠા જિલ્લો સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવામાં સૌથી મોખરે છે. તેમજ  આ યુનિવર્સિટીના સંપર્ક ખેડૂત  શ્રી ગેનાભાઈ દરગાજી પટેલને પદ્મશ્રી એવોર્ડ એનાયત થયો તે પણ ગૌરવની બાબત છે. આ યુનિર્સિટીએ સંકલિત ખેત પધ્ધતિ મોડલ વિકસાવેલ છે, જે દિવસની રૂા.૯૯૦ જેટલી આવક આપતું ઉત્કૃષ્ટ મોડલ છે. જે દેશના અન્ય રાજયોના ખેડૂતો અપનાવી શકે.

કુલસચિવ ડૉ. એમ. પી. પટેલે કાર્યક્રમનું સફળ આયોજન કર્યુ હતું અને અંતમાં આભારવિધિ કરી હતી. આ સમારંભમાં નિયામક મંડળ તથા એકડેમીક કાઉન્સીલના સભ્યશ્રીઓ, બનાસકાંઠા જિલ્લાના વિવિધ અધિકારીશ્રી, પદાધિકારીશ્રી, બી.એસ.એફ. કમાન્ડન્ટ, રાજયની વિવિધ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ, વિવિધ ફેકલ્ટીના ડીન, પ્રોફેસરો તથા ડીગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**